# ડભોડામાં ભકતોનું ઘોડાપુર ઉમટયુ

## ધનતેરસ કાળી ચૌદશના મેળામાં હનુમાનદાદાને ૬૦૦ ડબા તેલ ચડાવાયું : ૪૦૦૦ કીલો બુંદીનો પ્રસાદ વિતરણ કરાયો

ગાંધીનગર, તા. ૨૨

ડભોડાના સુપ્રસિધ્ધ ડભોડિયા હનુમાનજીના મંદિરે ધનતેરસથી કાળી ચૌદસનો મેળો યોજાયો હતો. ભગાડી મુકતા દેવના દર્શન કરવા ભકતોનું ઘોડાપુર ઉમટયું હતું. કાળી ચૌદસને પ્રેતાત્માઓની રાત્રી ગણવામાં આવે છે અને આ તમામ પ્રેતાત્માઓ હનુમાન




મેળામાં ૬૦૦ ડબા તેલનો ભકતો દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો. તેમજ ટ્રસ્ટ દ્વારા ૪૦૦૦ કીલો બુંદીના પ્રસાદનું વિતરણ કરાયું હતું.

દાદાના નામથી દુર ભાગે છે. ત્યારે દાદાના દર્શન કરી નાના મોટા સૌ અબાલ વૃધ્ધો એ ધન્યતા અનુભવી હતી.

ભકતો એ દાદાને ૬૦૦ ડબા તેલ ચઢાવા માટે



ગાંધીનગર તાલુકાના ડભોડા ગામમાં સુપ્રસિધ્ધ હનુમાનજી દાદાનું મંદિર આવેલું છે ત્યારે આ મંદિરે દર વર્ષે ધનતેરસના દિવસથી કાળી ચૌદસની રાત્રી એમ બે દિવસ મેળો ભરાય છે મેળામાં દુર દુરથી દાદાના દર્શન કરવા માટે ભકતો આવે છે.

શકિતશાળીઅને ભૂત-પ્રેત પલીતને પળવારમાં આપ્યું છે ત્યારે હનુમાનજી મંદિર ટ્રસ્ટ દ્વારા ભકતો માટે ૪૦૦૦ કીલો બુંદીનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો છે. તેમજ ભકતો દ્વારા સુખડીનો પ્રસાદ ચઢાવવામાં આવતો હતો. બે દિવસીય મેળા દરમિયાન વાતાવરણ ભકિતમય બની ગયું હતું. ભકતો પોતાની માનતા પુરી કરવા માટે પદયાત્રા કરીને આવતા હતા.

# મીની ટ્રકની પાછળ બાઈક ઘુસી જતાં બે યુવાનનાં મૃત્યુ

## મહાદેવપુરા પાટીયા પાસે મીની ટ્રક વળાંક લઈ રહી હતી ત્યારે બપોરે બનેલી ઘટના : એકની હાલત ગંભીર

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક સ્થિત ચિલોડા હિંમતનગર હાઈવે પર આવેલા મહાદેવપુરા ગામના પાટીયા પાસે એક મીની ટ્રક વળાંક લઈ રહી હતી ત્યારે પાછળથી ત્રણ સવારી આવતી બાઈક ટ્રક પાછળ ઘુસી જતા ત્રણેય બાઈક સવાર યુવાનો ગંભીર રીતે ઘવાયાં હતાં. જે પૈકી બે યુવાનોના મૃત્યુ નિપજયા છે જયારે ત્રીજા યુવાનને ગભીર હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલા સુખડ ગામના ત્રણ યુવાનો ૨૫ વર્ષીય કનુજી પ્રહલાદજી મકવાણા, ૩૫ વર્ષીય ભરતજી ગલબાજી ચૌહાણ અને ૩૫ વર્ષીય કિશનજી બાબુજી ડાભી એક બાઈક પર ચિલોડાથી હિંમતનગર હાઈવે તરફ જઈ રહ્યા હતા રસ્તામાં આવતા મહાદેવપુરા ગામના પાટીયા પાસે એક મીની ટ્રક વળાંક લઈ રહી હતી ત્યારે તેની પાછળ તેમનું બાઈક ઘુસી જતાં બાઈક પર સવાર ત્રણે યુવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતાં. ત્રણેયને તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા જયાં કનુજી મકવાણા અને ભરતજી ચૌહાણનું મૃત્યુ નિપજયું હતું જયારે ત્રીજા યુવાન કિશનજીને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. ચિલોડા પોલીસે ગુનો નોંધીને પીએસઆઈ એસ.જી. મકવાણાએ વધુ તપાસ શરુ કરી છે.

# મીના બજારના ગેરકાયદે ફટાકડા બજારમાં પોલીસ પુનઃ ત્રાટકી

## લાયસન્સ વગર ફરી ધમધમવા લાગેલા પાંચ ફટાકડા સ્ટોલ્સ બંધ કરાવ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના મીના બજાર જુના સચિવાલય વિસ્તારમાં લાયસન્સ વગર ધમધમી રહેલા ફટાકડાના સ્ટોલ્સ પર ગઈકાલે સે. ૭ પોલીસે સપાટો બોલાવ્યો હતો અને ફટાકડા બજાર બંધ કરાવ્યુ હતુ. આજે આ બજાર પુનઃ ધમધમવા લાગતા ફરી સપાટો બોલાવીને પાંચ સ્ટોલ્સ બંધ કરાવવામાં આવ્યા હતા.

સેકટર-૭ પોલીસમથકના પીએસઆઈ અમીન ભરવાડે ગઈકાલે મીના બજાર જુના સચિવાલયમાં ધમધમી રહેલા ગેરકાયદે ફટાકડા સ્ટોલ્સને બંધ કરાવ્યા હતા અને લાયસન્સ વગર સ્ટોલ ન શરૂ કરવા સુચના આપી હતી. આજે પુનઃ આ સ્ટોલ શરૂ થઈ ગયાની માહિતી મળતા સે. ૭ પોલીસની ટીમે સપાટો બોલાવ્યો હતો અને ફરી ધમધમવા લાગેલા પાંચ ગેરકાયદે ફટાકડા સ્ટોલ્સને બંધ કરાવી દીધા હતા.

# વાવોલમાં નારાયણેશ્વર મહાદેવ (તરપોજ)નો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે


## આ પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન શ્રીમદ્ ભાગવદ્ પારાયણ જ્ઞાન યજ્ઞનું આયોજન મહોત્સવ દરમિયાન શિવયજ્ઞ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના વાવોલ ખાતે તરપોજ વાસના નારાયણેશ્વર મહાદેવ મંદિરનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રીમદ્ ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ જ્ઞાનયજ્ઞ તા. ૨૯ ઓકટોબરથી પ્રારંભ થશે અને તા. ૨ નવેમ્બરે પુર્ણાહુતિ અને પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે. આ જ્ઞાનયજ્ઞ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે તેમજ તા. ૩૧મી ઓકટોબરથી ૨જી નવેમ્બર દરમિયાન ત્રિ દિવસીય શિવયજ્ઞ પણ યોજવામાં આવશે.

આ પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રીમદ્ ભાગવત પારાયણના વકતા શાસ્ત્રી સ્વામી નારાયણ વલ્લભદાસજી તેમની મધુર વાણીથી શ્રોતાઓને કથામૃતનું રસપાન કરાવશે. કથાનો સમય દરરોજ સાંજે ૩ થી ૬ વાગ્યાનો રહેશે તેમજ તા. ૩૧મી ઓકટોબરે સાંજે ૫.૩૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ પણ ઉજવાશે. આ મહોત્સવ દરમિયાન દરરોજ રાત્રે ૮ થી ૧૧.૩૦ વાગ્યા સુધી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

કથા પારાયણ અને શિવયજ્ઞની પૂર્ણાહુતી તા. ૨જી નવેમ્બરે રવિવારે સવારે ૯ થી ૧૦.૩૦ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ ઉપસ્થિત રહેશે. આ જ્ઞાનયજ્ઞની પોથી યાત્રા તા. ૨૯મી ઓકટોબરે બુધવારે ૧ વાગે યોજાશે તા. ૩૧મી ઓકટોબરે બપોરે જલયાત્રા અને મૂર્તિઓનો વરઘોડો કાઢવામાં આવશે. આ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા અને પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાનો લાભ લેવા તમામ ધાર્મિક શ્રધ્ધાળુઓને નિમંત્રણ આપવામાં આવ્યું છે.



### કોલવડાના રસ્તા ગંદકીમાં ડૂબ્યા

સમગ્ર દેશમાં અને રાજ્યમાં એક તરફ સ્વચ્છતા અભિયાન જોરશોરથી ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે બીજી બાજુ પાટનગરની પડખે આવેલ કોલવડા ગામમાં ગંદકીએ માઝા મુકી છે. વીસઘર-રસ્તાની આજુ-બાજુ રસ્તો કાદવ-કીચડથી ખદબદે છે. આ ગંદકીના કારણે અહિના રહિશોના આરોય સામે જોખમ ઉભુ થાય તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. ત્યારે સત્તાધીશો દ્વારા આ સમસ્યાનું ઝડપથી નિરાકરણ થાય તેવું અહિથી પસાર થતા નાગરિકો અને રહિશો ઈચ્છી રહ્યા છે. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# વડોદરા ખાતે 'મા બાપને ભૂલશો નહિ' નાટક યોજાયુ

ગાંધીનગર, તા. ૨૨

સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ અને રચના ખાદી ગ્રામોદ્યોગ વડોદરાના સંયુક્ત ઉપક્રમે ભરત વ્યાસ લિખિત-દિગ્દર્શીત નાટક 'મા-બાપને ભૂલશો નહીં'નો ૫૪મો નાટ્ય પ્રયોગ સેંટ જોસફ હાઈસ્કૂલ વડોદરા ખાતે તા. ૧૯ ના રોજ રવિવારે યોજાયો. જેમાં સર્વશ્રી વસંત સોની, હસમુખ મેકવાન, જયપ્રકાશ જોષી, મહેન્દ્ર પ્રજાપતિ, મહેશ પંડ્યા, માહિ ત્રિપાઠી, દિપિકા ગોર, કથન સુતરિયાએ અભિનયના અજવાળા પાથર્યા હતા.

આ નાટ્ય પ્રયોગ માણવા ૨૦૦૦ થી વધુ પ્રેક્ષકો સાથે મુખ્ય મહેમાન તરીકે સાયમન માર્ટીન મેકવાન તથા અતિથી વિશેષ તરીકે ભારતીય જનતા પાર્ટીના ભાજપ શહેર-સયાજીગંજના ધારાસભ્ય હિતેન્દ્રભાઈ સુખડીયા, વડોદરા નગર પાલિકાના મેયરશ્રી ભરતભાઈ શાહ, ભાજપના અગ્રણી કિરીટભાઈ જોષી, ભાજપ શહેરના મહિલા મોરચાના પ્રમુખ લલીતાબેન ઓઝા ઉપસ્થિત રહ્યા હતા.

નાટ્ય પ્રયોગને સફળ બનાવવા સેંટ જોસફ હાઈસ્કૂલ, વડોદરાના આચાર્ય ફાધર લુકાસ, શાળા પરિવાર તેમજ વાલીમંડળ અને રચના ખાદીગ્રામોદ્યોગના પ્રમુખ શ્રીમતિ સ્મિતાબેન મેકવાન, બકુલભાઈ મેકવાન, ડાહ્યાભાઈ પરમારે ભારે જહેમત ઉઠાવી હતી.

## મગોડીના વૃધ્ધાશ્રમના વડીલોની શારિરીક તપાસ કરાઈ

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે રાહેલબા વૃધ્ધાશ્રમ ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા વૃદ્ધોની નિઃશુલ્ક શારિરીક તપાસ કરવામાં આવી હતી. આ સેવા કાર્ય ગાંધીનગરના સે. ૨ માં આવેલ મહર્ષિ આયુર્વેદિક હોસ્પીટલના ડૉ. રાજેન્દ્ર વસોયાના સહયોગથી હાથ ધરવામાં આવ્યું હતું.

વૃધ્ધાશ્રમના વડીલોની શારિરીક તપાસની સાથે રેડક્રોસ સોસાયટી દ્વારા જરૂરી દવાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વૃધ્ધાશ્રમના સંચાલિકા નિર્મલાબેન તથા ઉપ પ્રમુખ યશવંત ઝાલાએ ઉત્કૃષ્ઠ સેવાઓ આપી હતી. આ પ્રસંગે કૌશિકભાઈ ભટ્ટ, મનોજભાઈ, ડૉ. હાર્દિક તેમજ જયેન્દ્રભાઈ પરીખે ઉપસ્થિત રહ્યા હતા.

# ડેમોક્રેટિક એસોસિએશનની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. બેઠકમાં સંસ્થાનો સ્નેહમિલન સમારોહ અને ૭૦ વર્ષના વરિષ્ઠ સભ્યોનો સન્માન સમારોહ તા. ૨૫ નવેમ્બરના રોજ યોજવામાં આવશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું. તેમજ હ્યુમન રાઈટ્સ કમિશન ન્યુ દિલ્હીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જેમાં મજૂરોને ઓછુ વેતન આપવામાં આવે છે. ઝુંપડપટ્ટીમાં રહેતા રહિશોને વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડ્યા સિવાય હટાવવા નહિ, સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર કોઈપણ નાગરિક રહેઠાણ વગરનો ન રહેવો જોઈએ. સહિતના મુદ્દાને આવરી લઈને ચર્ચા કરવામાં આવી હતી.

## બેસતાવર્ષ નિમિત્તે હવેલી મંદિરનો સમય

ગાંધીનગર, તા. ૨૨

તા. ૨૪મી ઓકટોબરના બેસતા વર્ષના દિને હવેલી મંદિર ખાતે દર્શનનો સમય નીચે મંગળા સવારે ૬.૦૦ કલાકથી ૬.૩૦ કલાક, શૃંગાર તથા રાજભોગ ભીતરમાં ગોવર્ધન પુજા સવારે ૯.૩૦ કલાકે, અન્નકુટ દર્શન સવારે ૧૨.૦૦ વાગેથી ૧.૦૦ વાગ્યા સુધી શયન આરતી સાંજે ૬.૦૦ કલાકે થશે. ગાંધીનગર વૈષ્ણવ સમાજના માનદમંત્રીશ્રી રસિકભાઈ ગાંધીએ જણાવેલ છે.

# શ્રી જય અંબે પરિવાર ગાંધીનગરના રજતજયંતિ મહોત્સવ અંતર્ગત સહસ્ત્ર ચંડી મહાયાગ

## ગાંધીનગરના આગંણે તા. ૨૬ ઓકટોબરથી ૧લી નવેમ્બર દરમિયાન ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ત્રિવેણી સંગમ

ગાંધીનગર, તા.૨૨

જગત જનની મા જગદંબાના ચરણ કમળના ઋણાનુભાવને વ્યકત કરવા શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા રજત જયંતી મહોત્સવ અંતર્ગત કલિકાળમાં દુર્લક્ષ એવા સહસ્ત્ર ચંડી મહાયાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.તા. ૨૬મી ઓકટોબર ૨૦૧૪ થી તા. ૧લી નવેમ્બર ૨૦૧૪ દરમિયાન ધાર્મિક,સામાજિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ત્રિવેણી સંગમ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે તેમ શ્રી જય અંબે પરિવારના પ્રમુખશ્રી લલિત એસ. પટેલની યાદીમાં જણાવાયું છે.

રાજધાનીના પાવન ધરા સેકટર-૧-૩બીના શકિતચોકમાં યોજાનાર સહસ્ત્ર ચંડી મહાયાગમાં ભારતવર્ષનાશ્રેષ્ઠતમ ચાર વેદોના વિદ્વાન વેદ પાઠી આચાર્યગણ સોલા ભાગવત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા શાસ્ત્રોકત વિધિ કરવામાં આવશે. આ આનંદભર્યા પ્રસંગના સ્વયં સાક્ષી બની મા ના રૂડા અવસરની શોભામાં અભિવૃધ્ધિ કરવા જય અંબે પરિવાર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સમગ્ર અઠવાડિયા દરમિયાન યોજાનાર કાર્યક્રમોમાં તા. ૨૬મી ઓકટોબરના રોજ સવારે ૮-૦૦ થી૧૧-૦૦ દરમિયાન માઈ ભકતો દ્વારા ભવ્ય શોભાયાત્રા અને બપોરે ૩-૦૦ કલાકે આનંદના ગરબામાં ૧૦૦૦ બહેનો જોડાશે. તા. ૨૭મી ઓકટોબરના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન રકતદાન શિબિર અને સર્વ રોગ નિદાન શિબિર તથા રાત્રે ૮.૩૦ કલાકે સુરીલા સ્વર સાધક શ્રીહેમંત ચૌહાણની ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. આ જ રીતે તા. ૨૮ ઓકટોબરે સવારે ૭-૦૦ વાગે જળયાત્રા, દિવસ દરમિયાન શાસ્ત્રોકત વિધિ અને રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડનું આયોજન પ.પૂ. શ્રી અશ્વિન કુમાર પાઠકના સંગીતમય પાઠ અને આર્શીવચન કાર્યક્રમ યોજાશે.

જયારે તા. ૨૯મી ઓકટોબરના રોજ સવારે ૯-૦૦થી ૧-૦૦ દરમિયાન ચાર વેદોના મંત્ર ઘોષ સાથે ચંડીપાઠ આવર્તન અને મહાઆરતી તેમજ રાત્રે ૯-૦૦ કલાકે જુનાગઢવાળા શ્રી ભીખુદાન ગઢવીના કંઠે લોકડાયરો યોજાશે તેમજ તા. ૩૦મી ઓકટોબરના રોજ શાસ્ત્રોકત વિધિ ચંડીપાઠ, મહાઆરતી યોજાશે તે જ રીતે તા. ૩૧મી ઓકટોબરના રોજ પૂજન સહિત રાત્રીના ૯-૦૦ કલાકે ભવ્ય રાસ ગરબા તથા અદભુત દીપ નૃત્ય આરતી કાર્યક્રમ યોજાશે. એ જ રીતે તા. ૧લી નવેમ્બરના રોજ સવારે ૮-૦૦થી ૧-૦૦ ચાર વેદ મંત્ર ઘોષ, ચંડીપાઠ બપોરે ૪-૦૦ કલાકે શ્રીફળ હોમ અને મહાઆરતીનો લાભ લેવા માટે નગરજનોને નિમંત્રણ પાઠવાયું છે.

શ્રી જય અંબે પરિવાર દ્વારા ઉજવાઈ રહેલા આ રજત જયંતી મહોત્સવમાંવિવિધ કાર્યક્રમોમાટેસમાજ શ્રેષ્ઠીઓ દ્વારા યથા યોગ્ય સહયોગ અને દાન તેમજ સેવાનો પ્રવાહ અવિરત વહી રહ્યો છે આ પ્રસંગે દાતાશ્રીઓને પૂજનનો/આરતીનો લાભ અપાશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૧
સૂર્યાસ્ત : ૬.૦૭

## તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૦.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૪૧ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :
બેંગ બેંગ : ૩.૪૫,૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
બેંગ બેંગ : ૧૦.૦૦
ડ્રેક્યુલા અનટોલ્ડ (અંગ્રેજી) : ૧૨.૪૫, ૩.૪૫, ૫.૪૫, ૯.૪૫
મુંબઈ ૧૨૫ કિ.મી. (૩ડી) : ૭.૪૫

: સ્ક્રીન-૪ :
સોનાલી કેબલ : ૧૨.૦૦, ૪.૩૦, ૭.૦૦
મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૨.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
મુંબઈ ૧૨૫ કિ.મી. (૨ડી) : ૧૦.૦૦
બેંગ બેંગ : ૧૨.૪૫, ૬.૩૦
હૈદર : ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૨ :
મુંબઈ ૧૨૫ કિ.મી. : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :
સીટી ઓફ ડ્રીમ : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦
બેગ-બેગ : ૨.૦૦, ૭.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રામી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન મુળજીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૪) મુ. બોરીજ, તા.જી.ગાંધીનગર
- સ્વ. સુશીલાબેન વિનોદકુમાર ઉપાધ્યાય (ઉ.વ.૫૪) પ્લોટ નં. ૮૫૭/૧, સેકટર-૨સી, ગાંધીનગર
- સ્વ. હેમરાજભાઈ વાલજીભાઈ રબારી (ઉ.વ.૫૫) મુ. પીંડારડા, તા.જી. ગાંધીનગર
- કમુબેન ઉદાજી પરમાર (ઉ.વ.૬૨) મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. જયંતિભાઈ ખોડીદાસ વ્યાસ, (ઉ.વ.૬૮) બ્લોક નં. ૪૦, સહકાર કોલોની, સેક્ટર-૨૫, ગાંધીનગર